# હજુ દેશમાં સરેરાશ ૨૩ ટકા ઓછો વરસાદ

નવીદિલ્હી,તા.૧૧

કેટલીક કૃષિ પેદાશોનાં ઉત્પાદનનાં મામલામાં વિશ્વમાં સૌથી અગ્રણી રહેનાર ભારતમાં મોનસૂન વરસાદ ચાર મહિનાની સિઝનની શરૂઆત પહેલી જૂનથી થયા બાદથી સરેરાશ કરતાં ૨૩ ટકા ઓછો રહ્યો છે. દેશમાં કૃષિ માટે અતિમહત્વપૂર્ણ અને જીવનદોરી સમાન ગણાતાં દક્ષિણ-પશ્ચિમ મોનસૂનની આજે સમગ્ર દેશમાં આજે એન્ટ્રી થઈ ગઈ હતી છતાં આ સિઝનમાં વરસાદનું પ્રમાણ સામાન્ય કરતાં ૨૩ ટકા ઓછું રહ્યું છે. મોનસૂને ૫ જૂનનાં દિવસે કેરળથી એન્ટ્રી કરી હતી પરંતુ ત્યારબાદથી તેની ગતિ ખૂબજ ધીમી રહી છે જેનાં પરિણામ સ્વરૂપે કેટલાંક પાક ઉત્પાદન પર માઠી અસર થવાની શક્યતા દેખાઈ રહી છે. મોનસૂને ભારતને આવરી લીધા બાદ હજુપણ એવી દહેશત પ્રવર્તી રહી છે કે, કેટલાંક અનાજનાં ઉત્પાદનમાં ઘટાડો થઈ શકે છે. ચોખા, ખાંડ, ઘઉં, કપાસનાં ઉત્પાદન વિશ્વમાં સૌથી આગળ રહેલાં



ભારતમાં આ વખતે ઓછાં વરસાદને લીધે અસર થઈ શકે છે. જૂનથી સપ્ટેમ્બર વચ્ચેનાં ગાળામાં થતાં વરસાદને ભારતની ઈકોનોમી લાઈફલાઈન તરીકે ગણવામાં આવે છે. ગુજરાત, રાજસ્થાનમાં આજે ભારે વરસાદ થવાની સાથે જ સમગ્ર દેશમાં મોનસૂનની શરૂઆત થઈ ચૂકી છે. ભારતીય હવામાન વિભાગનાં મુખ્ય અધિકારી એલ.એસ.રાઠોડે આજે દિલ્હીમાં પત્રકારો સાથે વાતચીત કરતાં આ ખુશીનાં સમાચાર આપ્યા હતાં. તેમણે કહ્યું હતું કે, જૂનમાં મોનસૂનની એન્ટ્રી આ વખતે ચાર દિવસ મોડેથી કેરળમાં થઈ હતી, ત્યારબાદથી ઉત્તર ભારતનાં અન્ય રાજ્યોમાં પહોંચવામાં તેની ગતિ ધીમી રહી હતી. મોનસૂન આજે સમગ્ર દેશમાં છવાઈ ગયું છે. ગુજરાત અને મહારાષ્ટ્રમાં ભારે વરસાદ થયો છે. મોનસૂની વરસાદમાં સુધારો થવાની સાથે જ સોયાબીન, અનાજ અને મગફળીનાં ઉત્પાદનમાં તેજી આવશે. મોનસૂનની પ્રગતિ મામલે કૃષિ પ્રધાન શરદ પવાર અને ખાદ્યાન્ન પ્રધાન કે.વી.થોમસ સાથે વાતચીત કર્યા બાદ રાઠોડે કહ્યું હતું કે, હવે હિમાલયનાં વિસ્તારો, પૂર્વીય ક્ષેત્રમાં વરસાદી જોર રહેશે. હજુ ૨૩ ટકા ઓછો વરસાદ છે. હજુ સુધી કર્ણાટક, પંજાબ, હરિયાણા, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને ગુજરાત, મધ્ય પ્રદેશનાં જુદા જુદા ભાગોમાં વરસાદ થઈ ચૂક્યો છે. ગયા વર્ષે મોનસૂનની સ્થિતિ સારી રહેવાથી વર્ષ ૨૦૧૧-૧૨નાં પાક વર્ષ (જુલાઈ-જુન)માં ખાદ્યાન્ન ઉત્પાદન ૨૫.૨૬ કરોડ ટન રહ્યું હતું.

કૃષિની દૃષ્ટિએ મોનસૂન ખૂબ જ મહત્વપૂર્ણ છે કારણ કે દેશમાં હજુપણ ૪૦ ટકા કૃષિ યોગ્ય સિંચાઈ હેઠળ છે. દેશનાં જીડીપીમાં કૃષિ ઉત્પાદનનું યોગદાન ૧૫ ટકાની આસપાસ છે. ૧ જુનથી ૬ જુલાઈનાં સમયગાળામાં એક વર્ષ અગાઉ ૧.૨૪ મિલિયન હૅક્ટરની સરખામણીમાં ૧.૩ મિલિયન હૅક્ટર વિસ્તારમાં કઠોળની વાવણી કરી હતી. મહારાષ્ટ્ર, કર્ણાટક અને આંધ્રપ્રદેશ જેવા ચાવીરૂપ ઉત્પાદન રાજ્યોમાં ઓછો વરસાદ થયો છે પરંતુ હવે સ્થિતિ સુધરી રહી છે. ૬ જુલાઈ સુધી ખેડૂતોએ ૫.૫૪ મિલિયન હૅક્ટર વિસ્તારમાં મુખ્ય ઉનાળુ પાક ચોખાની ખેતી કરી હતી. એક વર્ષની સરખામણીમાં આમાં પણ વાવણી વિસ્તારમાં ઘટાડો થયો છે.

મહારાષ્ટ્ર, કર્ણાટકમાં શેરડીનું ઉત્પાદન ઓછું રહેવાની શક્યતા દેખાઈ રહી છે. ભારતમાં ખેડૂતોએ હજુસુધી એક વર્ષ અગાઉ ૫.૦૩ મિલિયન હૅક્ટરની સરખામણીમાં ૫.૨૮ મિલિયન હૅક્ટર વિસ્તારમાં શેરડીની વાવણી કરી છે. આવી જ રીતે, તેલીબિયાનું ઉત્પાદન શરૂ થઈ ચૂક્યું છે. કપાસનાં ઉત્પાદનમાં ગુજરાત અને મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાં વાવણી અગાઉ કરતાં ઓછી થઈ છે. કર્ણાટકમાં કૉફીનું ઉત્પાદન ઓછું રહેવાની શક્યતા દેખાઈ રહી છે.

## કર્ણાટક અને મધ્ય મહારાષ્ટ્રમાં ઓછાં વરસાદનાં કારણે ચિંતાનું મોજું

મુંબઈ,તા૧૧

કેન્દ્રીય કૃષિ પ્રધાન શરદ પવારે આજે કહ્યું હતું કે, કર્ણાટક અને મધ્ય મહારાષ્ટ્રમાં ઓછાં વરસાદનાં કારણે ચિંતાનું મોજું ફરી વળ્યું છે. પીવાના પાણીની સમસ્યા ઉભી થઈ શકે છે. ખરીફ પાકની વાવણી અને મોનસૂનની પ્રગતિ અંગે પૂછવામાં આવતાં કૃષિ પ્રધાન શરદ પવારે કહ્યું હતું કે, વરસાદની સ્થિતિમાં એકંદરે છેલ્લાં દસ દિવસમાં સુધારો થયો છે. આ બે રાજ્યો સિવાય મોટાભાગનાં રાજ્યોમાં સારો વરસાદ થયો છે. આજની સાથે સમગ્ર દેશમાં મોનસૂનની સ્થિતિમાં સુધાર થયો છે. કર્ણાટક અને મધ્ય મહારાષ્ટ્રમાં સ્થિતિ હજુપણ ચિંતાજનક બનેલી છે. આઈએમડીનાં અધિકારીઓ સાથે વાતચીત કર્યા બાદ પવારે કહ્યું હતું કે, આ બંને રાજ્યોમાં પાણીની અછત ઉભી થવાના સંકેત દેખાઈ રહ્યા છે. સ્થિતિ હજુ સંતોષજનક સપાટી પર પહોંચી નથી. બાજરી, મકાઈનાં ઉત્પાદન પર અસર થઈ શકે છે. ઉપરાંત આ બે રાજ્યોમાં પીવાના પાણીની સમસ્યા સર્જાઈ શકે છે. પવારે કહ્યું છે કે, ઓછાં વરસાદની અસર ખરીફ પાકની વાવણી ઉપર થઈ છે. ડાંગર, કપાસ, શેરડી, તેલીબિયાને લઈને ચિંતા નથી કારણ કે આ પાકનાં ઉત્પાદનમાં હજુ વધારો થઈ શકે છે જ્યારે ચોખાની વાવણી પ્રગતિમાં છે. ઓરિસ્સા અને છત્તીસગઢમાં સારો વરસાદ થયો છે. ડાંગરના વિસ્તારમાં કોઈપણ સમસ્યા નથી.

## કારમાં વિનાશક આગ લાગી જતાં એક જ પરિવારના ૧૪ બળીને ભડથું થયા

મેરઠ, તા. ૧૧

દિલ્હી-સહારનપુર હાઈવે પર ચાલતી મારૂતી વાનમાં એકાએક આગ ફાટી નીકળતા એક જ પરિવારના ૧૪ લોકો બળીને ભડથું થઈ ગયાના અહેવાલ મળ્યા છે. જ્યારે અન્ય ૭ લોકો ગંભીર રીતે દાઝી ગયા હોવાનું જાણવા મળ્યું છે. આ તમામ લોકો એક લગ્ન પ્રસંગમાં હાજરી આપ્યા બાદ પરત ફરી રહ્યા હતા. પોલીસ સ્ટેશન વચ્ચે પણ ખેંચતાણની સ્થિતિ રહી હતી. ત્યારબાદ ટોચના અધિકારીઓએ ઘટના સ્થળે પહોંચી ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં પહોંચાડવામાં આવ્યા હતા. પોલીસના જણાવ્યા મુજબ વેનની ગેસ કીટમાં લીક થવાના કારણે આ દુર્ઘટના સર્જાઈ હતી. મળેલી માહિતી મુજબ કેરાના ક્ષેત્રના મન્ના માજરા નિવાસી જમસેદ પોતાના પરિવાર સહિત લોનીના વિસ્તાર ઈકરામ નગરમાં રહે છે. સોમવારના દિવસે જમ્સેદ પોતાના પરિવારને લઈને ૨૦ સભ્યોની સાથે કાંધલાના ગામ ઈસ્લામપુરમાં લગ્ન પ્રસંગમાં ગયા હતા.

લગ્ન બાદ મોડી સાંજે જમસેદ પોતાના પરિવારની સાથે પોતાના ગામ મન્ના માજરામાં જતા રહ્યા હતા. મંગળવારે બપોરે આશરે ત્રણ વાગે જમસેદ વેનમાં પરિવારના સભ્યોની સાથે લોની પરત ફરી રહ્યા હતા. વેનને તેમનો પુત્ર ગફાર ચલાવી રહ્યો હતો. સાંજે જ્યારે વેન કાંધલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પહોંચી ત્યારે તેમાં એકાએક આગ ફાટી નીકળી હતી. ટૂંકમાં જ આગે વિનાશક સ્વરૂપ ધારણ કરી લેતાં આ દુર્ઘટના સર્જાઈ હતી. બનાવમાં બારીની પાસે બેસેલા જમસેદ અને તેમની પત્ની અમીના, ગફારના બે પુત્ર મોહમંદ આકીલ અને આદીલ, રહીમ અને જબ્બાસને બહાર કાઢી લેવામાં આવ્યા હતા જ્યારે પરિવારના અન્ય સભ્યોના ઘટના સ્થળે જ મોત થયા હતા. ઘટનાની માહિતી મળતાની સાથે પોલીસ ટુકડી ઘટના સ્થળે જ પહોંચી ગઈ હતી. સ્થાનીક લોકોની મદદથી પોલીસે ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. પોલીસે કહ્યું છે કે મૃતકોમાં બે મહિલાઓ, ત્રણ યુવતીઓ અને એક કિશોર અને આઠ બાળકો સામેલ છે.

## સેત્તારના આજે મુખ્યપ્રધાન તરીકે શપથ

બેંગ્લોર, તા. ૧૧

ડીવી સદાનંદ ગૌડાએ આજે સત્તાવાર રીતે મુખ્યમંત્રી તરીકે રાજીનામુ આપી દીધું હતું. ગૌડાએ આજે બપોરના ગાળામાં રાજ્યપાલ એચઆર ભારદ્વાજને રાજીનામાની નકલ સોંપી દીધી હતી. મુખ્યમંત્રી નિયુક્ત જગદીશ સેત્તાર આવતીકાલે ગુરૂવારે મુખ્યમંત્રી તરીકે શપથ લેશે. સેત્તાર અને ભાજપના અન્ય નેતાઓ સરકારની રચના કરવાનો દાવો કરવા રાજભવન ખાતે પહોંચી ગયા હતા. રાજીનામા પહેલા ગૌડાએ ૧૨મી સદીના વિચારક બસાવેશ્વરની પ્રતિમાં ઉપર પુષ્પાંજલી આપી હતી. આ ઉપરાંત



વિધાનસભામાં સ્થિત અન્યોની પ્રતિમા ઉપર પણ પુષ્પાંજલી આપી હતી. રાજભવન તરફ દોરી જતા માર્ગ ઉપર નાકાબંદી કરીને ગૌડા રાજીનામુ ન આપે તેવા પ્રયાસ કરવામાં આવ્યા હતા. ગૌડાના રાજીનામા બાદ હવે અટકળોનો અંત આવી ગયો છે. આવતીકાલે ગુરૂવારે સેત્તારની મુખ્યમંત્રી તરીકે તાજપોશી થશે. ભાજપ શાસિત રાજ્યમાં હાલ કટોકટી ચાલી રહી છે. બીએસ યેદીયુરપ્પાના દબાણ સમક્ષ ઝુંકીને ભાજપ હાઈકમાન્ડને નેતૃત્વ પરિવર્તનની ફરજ પડી છે. યેદીયુરપ્પા જુઠના સમર્થકો ઘણાં દિવસથી ઝુંબેશ ચલાવી રહ્યા હતા. ભાજપના નિરિક્ષકો અરૂણ જેટલી અને રાજનાથસિંહે શ્રેણીબદ્ધ મિટિંગો યોજી હતી.

## ૭/૧૧ બ્લાસ્ટને ૭ વર્ષ પૂર્ણ થયા છતાંય ન્યાયનો ઈતજાર

મુંબઈ, તા. ૧૧

૧૧મી જુલાઈ ૨૦૦૬ના દિવસે દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાં સાત લોકલ ટ્રેનમાં એક સાથે સાત બોમ્બ બ્લાસ્ટ થયા હતા. આના કારણે સમગ્ર દેશ હચમચી ઉઠ્યું હતું. આજે આ બનાવને ૭ વર્ષ થઈ ચૂક્યા છે છતાં ઘણી કડીઓ હજુ હાથ લાગી નથી. ન્યાય હજુ મળી શક્યો નથી. આ સિરિયલ બ્લાસ્ટમાં ૨૦૯ લોકોના મોત થયા હતા અને સેંકડો લોકો ઘાયલ થયા હતા. ભોગ બનેલા લોકોના સગાસંબંધીઓ હજુ પણ ન્યાયની રાહ જોઈ રહ્યા છે. મહારાષ્ટ્ર એટીએસ અને મુંબઈ ક્રાઈમ બ્રાચ વાસ્તવિક અપરાધીઓના મામલે જુદી જુદી પ્રતિક્રિયા ધરાવે છે. એટીએસનો દાવો છે કે જેલમાં રહેલા ૧૩ સીમીના કુખ્યાત શખ્સો દ્વારા આ બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવ્યા હતા જ્યારે ક્રાઈમ બ્રાન્ચનો દાવો છે કે ઈન્ડિયન મુજાહીદ્દીનના આતંકવાદીઓ દ્વારા આ બ્લાસ્ટ કરવામાં આવ્યા હતા.

ધરપકડ કરવામાં આવેલા લોકો સામે મકોકા હેઠળ ખટલો ચલાવવામાં આવી રહ્યો છે. સ્પેશિયલ જજ વાય ડી સિંધેની કોર્ટમાં ૧૮૮ પ્રોસીક્યુશન સાક્ષીઓની ચકાસણી કરવામાં આવી ચૂકી છે. હાલમાં આરોપીઓના નિવેદન લેવાની પ્રક્રિયા ચાલી રહી છે. સૂત્રોનું કહેવું છે કે ટ્રાયલ ત્રણથી ચાર મહિનામાં પૂરી થઈ શકે છે. મુંબઈમાં ઉપનગરી રેલવેને ટાર્ગેટ બનાવીને આ હુમલા કરવામાં આવ્યા હતા જેમાં ૭૦૦થી વધુ લોકો ઘાયલ પણ થયા હતા. લશ્કરી તોયબા અને સિમી દ્વારા આ હુમલા કરવામાં આવ્યા હોવાની માહિતી મુંબઈ પોલીસે આપી હતી. જો કે આ મામલામાં તપાસ ચાલી રહી છે. આરડીએક્સ અને અમોનીયમ નાઈટ્રેટનો ઉપયોગ આમા કરવામાં આવ્યો હતો.

## દિલ્હી સૌથી સ્પર્ધાત્મક શહેર જાહેર : મુંબઈ બીજા ક્રમ ઉપર

નવીદિલ્હી,તા.૧૧

દેશનું રાષ્ટ્રીય પાટનગર ગણાતું દિલ્હી ભારતમાં સૌથી સ્પર્ધાત્મક શહેર છે જ્યારે મુંબઈ બીજા સ્થાન પર છે. ઈન્ટરનેશનલ થિંક ટેંક દ્વારા જારી કરવામાં આવેલાં અહેવાલમાં



જણાવાયું છે કે, મુંબઈ બીજા સ્થાન ઉપર અકબંધ છે. ચેન્નાઈ, હૈદરાબાદ, કોલકાતા શહેરનાં ત્યારબાદ ક્રમશ ક્રમ આવે છે. સ્પર્ધાત્મક શહેરોની યાદી જુદાં જુદાં પરિબળોને ધ્યાનમાં લઈને કરવામાં આવી છે. ઈન્સ્ટીટ્યુટ ઓફ કોમ્પેટીવનેસ (આઈએફસી) દ્વારા તૈયાર કરવામાં આવેલાં આંકડામાં જણાવાયું છે કે, બિઝનેસ અને અન્ય પરિબળોને પણ ધ્યાનમાં લેવામાં આવ્યા છે. ફરીદાબાદ ઉંચા ગ્રોથરેટ સાથે યાદીમાં સ્થાન ધરાવે છે. અમદાવાદ યાદીમાં સામેલ છે. રિપોર્ટમાં જણાવાયું છે કે, પૂણે અને અમદાવાદ જેવા શહેરો યાદીમાં છે પરંતુ અમદાવાદનાં રેન્કિંગમાં આંશિક ઘટાડો થયો છે. કોઈમ્બતૂર, મૈસૂર, મદુરાઈ, ગૌહાટી જેવા શહેરોનાં સ્કોરમાં સુધારો થયો છે જ્યારે સૂરત, લખનૌ, આગ્રા અને અલાહાબાદની રેન્કિંગમાં ઘટાડો થયો છે. અમદાવાદની સ્થિતિ ઘટી હોવા છતાં તેની સ્થિતિમાં સુધાર થયો છે. અમદાવાદ ટોપટેન શહેરોમાં સ્થાન મેળવવામાં સફળ રહ્યું છે પરંતુ તેનાં રેન્કિંગમાં આંકડામાં નજીવો ઘટાડો થયો છે. ચાર પરિબળોને ધ્યાને લેવાયા છે જેમાં સ્થિતિ, માંગની સ્થિતિ, વ્યૂહરચના, સ્પર્ધા, સંબંધિત ગુણવત્તાની સ્થિતિનો સમાવેશ થાય છે. ટોચનાં ૫૦ શહેરોની યાદી તૈયાર કરતી વેળા ૧૨ પરિબળોને ધ્યાને લેવામાં આવ્યા છે.

## ચિદમ્બરમ્‌ને ટૂંકમાં જ ફરી નાણાં પ્રધાનની જવાબદારી

નવી દિલ્હી, તા. ૧૧

કેન્દ્રીય ગૃહપ્રધાન પી. ચિદમ્બરમ્‌ને સંસદના મોનસૂન સત્ર પહેલાં ફરી નાણાંમંત્રાલયની મોટી જવાબદારી સોંપવામાં આવે તેવી શક્યતા છે. એવા સંકેત મળી રહ્યા છે કે સરકારે બિનજરૂરી ખર્ચને કાબૂમાં લેવા અને મહેસૂલી વસૂલાતને વધારવા માટે ઘણા પગલાં લીધા છે. જાણકાર સૂત્રોનું કહેવું છે કે વડાપ્રધાન હાલમાં નાણાંમંત્રાલયનો હવાલો સંભાળી રહ્યા છે પરંતુ તેઓ ટૂંક સમયમાં આ જવાબદારી ચિદમ્બરમ્‌ને સોંપી શકે છે. ચોમાસું સત્ર શરૂ થાય તે પહેલાં જ ચિદમ્બરમ્‌ને આ મોટી જવાબદારી સોંપીને મનમોહનસિંહ તમામ પ્રકારના વિવાદોમાંથી બચવા



માગે છે. ચોમાસું સત્ર ૭મી ઓગસ્ટથી શરૂ થાય તેમ માનવામાં આવે છે. નાણાંમંત્રી તરીકે ચિદમ્બરમ્‌ની વાપસીની પ્રબળ સંભાવના દેખાઈ રહી છે. અલબત્ત ગૃહમંત્રાલયમાં તેમની જગ્યાએ કોઈ યોગ્ય વ્યક્તિને મૂકવાની બાબત મનમોહનસિંહ માટે પડકારરૂપ બની શકે છે. પ્રણવ મુખરજીએ રાષ્ટ્રપતિ પદની ચૂંટણી લડવા માટે નાણાંમંત્રાલયની જવાબદારી છોડી દીધા બાદ મનમોહનસિંહ પોતે આ હવાલો સંભાળી રહ્યા છે. વડાપ્રધાનના નજીકના સૂત્રો માને છે કે લાંબા સમય સુધી આ પ્રકારની વ્યવસ્થા ચાલી શકે તેમ નથી. નાણાંમંત્રી તરીકે બે વખત સેવા આપી ચૂકેલા ચિદમ્બરમ્ બિલકુલ સુરક્ષિત દેખાઈ રહ્યા છે. મુખરજીના અનુગામી તરીકે તેમની નિમણૂંક ચોમાસું સત્ર પહેલાં કરીને સરકાર વધુ સ્પષ્ટ વલણ અપનાવવા માગે છે. અર્થતંત્ર સામે ઘણા નવા પડકારો હાલમાં ઊભા થયેલા છે. ચિદમ્બરમ્‌ને નાણાંમંત્રી તરીકે ખસેડવાને લઈને ઘણા પ્રધાનો રજૂઆત પણ કરી રહ્યા છે. તેમના નજીકના સાથીઓ આના માટે લોબી પણ ચલાવી રહ્યા છે.

## હિમાચલમાં વહેલી તકે ચૂંટણી યોજવાની તૈયારી

નવીદિલ્હી,તા.૧૧

હિમાચલ પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીને લઈને ગણતરીનો દોર શરૂ થઈ ગયો છે. આવતીકાલે ચૂંટણીપંચની ટીમ હિમાચલની મુલાકાત લેશે. આ પહાડી રાજ્યમાં વહેલી ચૂંટણીનાં સંકેત દેખાઈ રહ્યા છે. ચૂંટણીપંચમાં સૂત્રોએ કહ્યું છે કે, હિમાચલમાં ઓક્ટોબરનાં અંત સુધી અથવા તો નવેમ્બરનાં પ્રથમ સપ્તાહમાં ચૂંટણી યોજાઈ શકે છે. જો આ બાબત શક્ય બનશે તો આચારસંહિતા સપ્ટેમ્બરના અંત સુધી અમલી બની જશે. મુખ્ય ચૂંટણી કમિશનર વી.કે.સંપથ અને ચૂંટણી કમિશનર એચ.એસ.બ્રહ્માની સાથે અન્ય અધિકારીઓ પણ પહોંચી રહ્યા છે.બે દિવસની યાત્રાનાં ભાગરૂપે ચૂંટણીપંચના અધિકારીઓ રાજ્યનાં તમામ સંબંધિતો સાથે વાતચીત કરશે. રાજ્યમાં ચૂંટણી તૈયારીઓની સમીક્ષા આ ગાળામાં કરવામાં આવશે. રાજ્યમાં વહેલી ચૂંટણીનાં સંકેત પહેલાંથી જ મળવા લાગી ગયા છે. યાત્રા દરમિયાન પંચ મુખ્ય રીતે રાજકીય પક્ષો અને રાજ્યમાં વરિષ્ઠ અધિકારીઓ સાથે વાતચીત કરશે. આ વર્ષે ડિસેમ્બરમાં ચૂંટણી યોજાવાના સંકેત દેખાઈ રહ્યા હતાં. પરંતુ હવે એમ માનવામાં આવે છે કે, ચૂંટણી નિર્ધારિત સમય કરતાં પહેલાં યોજાશે કારણ કે હિમાચલનાં ઘણાં વિસ્તારમાં હિમવર્ષા વધારે થાય છે જેમાં લાહોલ-સ્પીતિ, કિન્નોરનો સમાવેશ થાય છે. આ વખતે આવી બાબતોથી બચવા પંચ તૈયારી કરશે. ગયા વખતે પંચે ૧૪ નવેમ્બરનાં દિવસે હિમગ્રસ્ત વિસ્તારોમાં ચૂંટણી યોજી હતી જ્યારે બાકીની બેઠકો માટે ચૂંટણી ૧૮ ડિસેમ્બરે યોજાઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, હિમાચલની સાથે ગુજરાતમાં પણ વિધાનસભા ચૂંટણી આ સમયગાળામાં યોજાય તેવી શક્યતા છે.



વિશ્વ વસતી દિવસ નિમિત્તે મુંબઈના ચર્ચગેટ સ્ટેશને લેવામાં આવેલી વસતીની પ્રવર્તમાન અર્થવાહી તસવીર.

## અમરનાથ યાત્રા : દર્શન માટે નવી ટુકડી રવાના

જમ્મુ, તા. ૧૧

સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે અમરનાથની ગુફામાં પવિત્ર શિવલીંગના દર્શન માટે આજે સવારે ૪૧૮૬ શ્રદ્ધાળુઓની નવી ટુકડી રવાના થઈ હતી. આ શ્રદ્ધાળુઓમાં ૨૬૯૯ પુરૂષો, ૯૨૯ મહિલાઓ, ૬૪ બાળકો અને ૪૯૪ સાધુ-સંતોનો સમાવેશ થાય છે. આ શ્રદ્ધાળુઓનો કાફલો ૧૨૭ વાહનોમાં આજે સવારે રવાના થયો હતો. સવારે પાંચ વાગે જમ્મુમાં ભગવતી નગર બેઝ કેમ્પથી આ કાફલો રવાના થયો હતો. આજની બેચ સાથે જ જમ્મુ માટે રવાના થયેલા શ્રદ્ધાળુઓની સંખ્યા વધીને ૬૧૦૪૩ સુધી પહોંચી ગઈ છે. અમરનાથ યાત્રા શાંતિપુર્ણ રીતે આગળ વધી રહી છે. અમરનાથા યાત્રામાં આ વખતે આતંકવાદીઓ કોઈપણ ખલેલ પહોંચાડી શક્યા નથી. સાવચેતીના તમામ પગલા પહેલાથી લેવામાં આવી ચુક્યા છે જેથી શ્રદ્ધાળુઓ ઉત્સાહ સાથે તેમની યાત્રા આગળ વધારી રહ્યા છે. ખરાબ હવામાનની સ્થિતી હોવા છતાં યાત્રા આગળ વધી રહી છે. અમરનાથ યાત્રા રક્ષાબંધનના દિવસે પરિપુર્ણ થશે. હજું સુધી અમરનાથ યાત્રાનો જુદી જુદી બિમારીઓના કારણોસર ૫૦થી વધુ શ્રદ્ધાળુઓના મોત થયા છે.

## સખીને પત્ર (પાના નં. ૪ નું ચાલુ)

સમગ્ર વાતાવરણ જાણે થંભી ગયું. કુદરત પણ પોતાનો ક્રમ ભૂલી ગઇ. એવો અદ્‌ભૂત રાગ પ્રજા - રાજા અને તાનસેન પણ બધું જ ભૂલીને રસ તરબોળ થઇ ગયાં. ગાયન જેમ - જેમ તીવ્ર બન્યું તેમ - તેમ બૈજુ બેઠા હતા. તે ઓટલો પીગળવાં લાગ્યો અને બૈજુ તેમાં ધસવા લાગ્યો. બૈજુની આંખો બંધ છે. સંગીતનો સાધક આજે પોતાની શ્રેષ્ઠતા પીરસી રહ્યો હતો. ધીરે-ધીરે બૈજુ કમર સુધી પીગળતાં ઓટલામાં ધસી ગયો. લોકોનું ધ્યાન ગયું. "અરે! બૈજુનાં ગાનથી તો પથ્થર પર પીગળ્યો. હવે જો ગાન અટકશે નહિ તો પથ્થર પર પીગળ્યો. હવે જો ગાન અટકશે નહીં તો બૈજુના પ્રાણ નીકળી જશે." લોકોએ બૈજુને ભાવસમાધિમાંથી જાગ્રત કર્યો. બૈજુ જાગ્યો. ઓટલો પીગળતો બંધ થયો. પણ બૈજુ અડધો ઓટલાની અંદર અને અડધો બહાર હતો. તેણે તાનસેનને પડકાર આપ્યો કે, 'હવે આપ આપનાં સંગીતથી આ ઓટલાને ફ્રીથી પીગળાવો અને મને બહાર કાઢો.' દુનિયામાં જે સાચા વિદ્વાન છે, જે બધું જ જાણે છે, તે પોતાની મર્યાદાઓ અને ખામીઓ પણ પિછાણે જ છે. અને તેને જાહેરમાં કબૂલ પણ કરે જ છે. તાનસેને પણ પોતાની મર્યાદા સ્વીકારી અને બૈજુ ને મહાન ગાયક જાહેર કર્યો. પથ્થર ને પણ પીગળવવાની તાકાત પોતાની ગાયકીમાં નથી તેવું કબૂલ કર્યું. જે સંગીત પથ્થરને પણ પીગળાવી શકે તે મીણ જેવાં માનવ હૃદયોને તો કેટલા સ્પંદિત કરી શકે. હૃદયની જડતા, લાગણી, શૂન્યતા, કઠોરતા, સંગીતનો સ્પર્શ થતાં જ પીગળી જાય છે. ઓગળી જાય છે. ક્યારેક કોઇ કલાકાર ક્યાંક ખૂન કેસમાં સંડોવાયેલો સાંભળ્યો? અમારાં એક સંબંધી છે જેમના ઘરે ભેંસોનો તબેલો છે. પચ્ચીસ - ત્રીસ ભેંસોના તબેલામાં લગભગ આખો દિવસ ધીમા અવાજે ભજન કે અન્ય શાંત સંગીત ચાલ્યા જ કરે છે. આ સંગીતની અસર નીચે ભેંસો વધારે દૂધ આપે છે. આ વૈજ્ઞાનિક રીતે સિધ્ધ થયેલી હકીકત છે. ગાંધીનગરના એક જાણીતા ડોક્ટરની કેબીનમાં હંમેશા ધીમા અવાજે ગઝલો ગુંજતી હોય છે. દર્દી પોતાનું અડધું દર્દ તો ત્યાં જ વિસરી જાય છે.

એક શિક્ષિકા અને માતા હોવાના નાતે સખી મારી તો એક જ સલાહ છે કે બાળકોને સંગીતનો વારસો પકડાવી દઇએ તો સંસ્કૃતિ, સંસ્કાર અને શાંતિ આપોઆપ તેનામાં દૈવીકૃપા રૂપે ઉતરશે. શ્રી જીતેન્દ્ર અઢિયાજી એ વિદ્યાર્થીઓ માટે એક સીડી બનાવી છે, જેમાં પક્ષીઓના કલરવ, ઝરણાનાં અવાજ વગેરે છે. આંખો બંધ કરીએ તો આપણે કોઇ નદી કે ઝરણાં કે દરિયા કિનારે બેઠાં હોય તેવું લાગે. બાળક ભણતું હોય ત્યારે આ સીડી સતત ચાલતી રહે તો બાળકની ભણતર પ્રત્યેની રૂચિ વધે છે. અને તેની યાદ શક્તિ પણ સતેજ થાય છે. તેવી અવધારણાં છે. જે હોય તે! પણ મને તો સંગીતના તાલે રાંધવું અને ઘરનું કામ કરવું ખુબ ગમે છે. ક્યારેય થાક નો અહેસાસ જ ન થાય કે ખરું ને?...

**- તારી સ્વાતિ**

## પ્રસંગસર

• બીજા પાનાનું અનુસંધાન

પોતાનું કે પરિવારનું કોઈપણ છિદ્ર કદી પારકાને કહેવું નહિ.
માગ્યા વગર કદી ય કોઈને સલાહ આપવી નહિ.
લોકો ધનિકને માન આપે છે અને ગરીબને ધુત્કારે છે.
કોઈપણ સારું કાર્ય કરવા માટે દરેક સમય શ્રેષ્ઠ જ હોય છે.
નિષ્ફળ માણસો જ 'નસીબ નસીબ' કહીને બેસી રહે છે.
અનેકની વિરુદ્ધમાં કોઈ એક વ્યક્તિએ અનુસરણ કરવું નહિ.
શાસ્ત્રો કરતાં પોતાને વધુ માનો.
કામવાસના, અજ્ઞાન, અંધશ્રદ્ધા, ક્રોધ ને લોભથી મોટા કોઈ શત્રુ નથી.
પ્રવાસ સદા જ્ઞાનવર્ધક છે.
મંત્રણા કરવી એ દરેક ક્ષેત્રની સફળતાનો મહામંત્ર છે.
સબળ દુશ્મન સાથે નિર્બળે સંધિ કરી લેવી એ જ શ્રેષ્ઠ માર્ગ છે.
લોઢું ગરમ હોય ત્યારે જ હથોડો મારવાથી ગમતા ઘાટ ઘડી શકાય છે.
પ્રસંગને અનુરૂપ વેશભૂષા ધારણ કરવી.
જે માણસની જે કામમાં કુશળતા હોય તેને તે કામ જ કરવા સોંપવાં.
ટોળાનો કદી વિશ્વાસ કરવો નહિ.
બુદ્ધિમાન માણસોએ કદી કોઈનોય ઉપકાર ભૂલવો જોઈએ નહિ.

## નિરામય (પાના નં. ૪ નું ચાલુ)

➡ પગનાં તળિયા પર તેલમાલિશ તથા પગનાં તળિયા દબાવવાથી ઊંઘમાં ખૂબ રાહત મળે છે. પગનાં તળિયાં નિયમપૂર્વક દબાવવાની આ પ્રક્રિયાને રિફ્લકસોલોજી કહે છે.

➡ રાત્રે સુતી વખતે ગમતું ધીમું સંગીત સાંભળવું. તેમજ મનને ગમે તેવું વાતાવરણ બનાવવું.

➡ શરીર પર માલિશ કરવાથી પણ અનિંદ્રામાં ફાયદો થાય છે. શરીરમાં વાયુનું શમન થાય છે તેમજ થાક દૂર થાય છે.

➡ વ્યક્તિગત કારણો દૂર કરવા, જેમ કે, સાવ બેઠાડું જીવન જીવતાં વ્યક્તિએ શ્રમ કરવો, ઉપવાસ કે ભૂખ્યા રહેનારો થોડો આહાર લેવો, તેમજ ચિંતા - ભય - શોક આદિ માનસિક કારણો હોય તેઓએ ઉપરોક્ત જણાવ્યું મુજબ કે પોતાને અનુકૂળ આવે તે મુજબ યોગ્ય ઉપાયો કરવા.

અનિંદ્રા એ એવી વ્યાધિ છે કે જેના કારણે વ્યક્તિની શારીરિક તથા માનસિક શ્રમતા ઘટે છે અને વ્યક્તિ નાસીપાસ થાય છે. આથી અનિંદ્રાને લગતાં કારણો ને સાધીને અનિંદ્રા દૂર કરવી જરૂરી છે. વ્યક્તિ દિવસની છ થી સાત કલાકની શાંત ઊંઘ લે એ સ્વાસ્થ્ય માટે આવકારદાયક છે. અનિંદ્રા એ લાંબો સમય ચાલતી પ્રક્રિયા છે. કોઇ કારણોસર ફક્ત એકાદ બે - દિવસ ઊંઘ ન આવે કે ખલેલપૂર્વકની ઊંઘ આવે તો તેને અનિંદ્રામાં ન ગણી શકાય.